સૌરાષ્ટ્ર યુનિવર્સીટી

Accredited Grade 'B' by NACC

**નોંધાયેલા સેકન્ડરી ટીચર્સ તથા હેડ માસ્ટરર્સ મતદાર વિભાગની મતદાર યાદી પ્રસિદ્ધ કરવા બાબત**

આથી નોંધાયેલા સેકન્ડરી ટીચર્સ તથા હેડ માસ્ટર્સ મતદાર વિભાગના સર્વે મતદારોને જણાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની હાલની સેનેટ પર ચૂંટાયેલા સભ્યોની મુદત તા.૨૨/૦૫/૨૦૨૨ ના રોજ પૂરી થાય છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમ-૧૯૬૫ ની કલમ ૧૬ (૧) વર્ગ–૨ (એ) (i) અને (ii) અન્વયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વિસ્તારમાં આવેલી માધ્યમિક શાળાઓના નોંધાયેલા શિક્ષકોની બે તથા હેડ માસ્ટર્સની બે જગ્યાઓ માટે તા.૨૩/૦૫/૨૦૨૨ થી અમલમાં આવનાર સેનેટના સભ્યપદ માટે ચુંટણી કરવામાં આવનાર છે.

(૧) નોંધાયેલા સેકન્ડરી ટીચર્સ તથા હેડ માસ્ટર્સની યાદી તા.૦૧/૦૧/૨૦૨૨ ની સ્થિતીએ રીવાઈઝડ કરવામાં આવી છે, જે યુનિવર્સિટીના સામાન્ય વિભાગમાં જોવા મળી શકશે

(૨) જે નોંધાયેલા સેકન્ડરી ટીચર્સ તથા હેડ માસ્ટર્સ દ્વારા પોતાનું નામ મતદારયાદીમાં નોધવા માટે અરજી કરવામાં આવેલ છે અને નામ નોંધવામાં આવેલ નથી તેઓના નામ 'શા' કારણે મતદારયાદીમાં સામેલ કરવામાં આવ્યા નથી તે જાણવા માટે કાર્યાલય માં ઉપલબ્ધ લીસ્ટમાં જોઈ શકશે તથા જે નોંધાયેલા સેકન્ડરી ટીચર્સ તથા હેડ માસ્ટર્સને પોતાના નોંધાયેલ નામમાં કોઈ ક્ષતિ જણાતી હોય તો તે તા.૩૧ જાન્યુઆરી ૨૦૨૨, સોમવાર સુધીમાં પોતાની નોંધણીમાં સુધારો આધાર પુરાવા રજુ કરી કરાવી શકશે.

(૩) મતદાર યાદીમાં ક્ષતિ , ભૂલ હોય અને સુધારો કરવો જરૂરી જણાતો હોય તેવા નોંધાયેલા સેકન્ડરી ટીચર્સ તથા હેડ માસ્ટર્સ એ તે અંગેની વિગતે અરજી માન. કુલપતિશ્રીને સંબોધીને "કુલસચિવશ્રી, સામાન્ય વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ" ને તા.૩૧/૦૧/૨૦૨૨ સુધીમાં રૂબરૂમાં / ટપાલ દ્વારા મોકલી શકશે.

આદેશથી

Sd/-

કુલસચિવ